# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1. **મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, જ્ઞાન ભારતમ અભિયાન હેઠળ સરકાર ભારતના અમૂલ્ય વારસાનું જતન કરવા માટે સતત પ્રયાસરત.**
2. **હિટવેવની સ્થિતીમાં નગરિકોને પોતાનું ધ્યાન રાખવા પ્રધાનમંત્રીએ અપીલ કરી.**
3. **એડમિરલ કૃષ્ણ સ્વામીનાથને આજે નૌકાદળના 27મા વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો.**
4. **મધ્યપ્રદેશમાં માદા ચિત્તા અને ત્રણ બચ્ચાને કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં મુક્ત કરાયા.**
5. **અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે આશા વ્યક્ત કરી કે, અમેરિકા અને ઈરાન પરમાણુ કરાર કરવાની નજીક.**
6. **IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ વચ્ચે મુકાબલો.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM MANN KI BAAT -1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, સરકાર ભારતમાં અમૂલ્ય વારસાગત સ્થળોનું જતન કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે. તેમણે જ્ઞાન ભારતમ અભિયાન હેઠળ છત્તીસગઢના મલ્હારમાં થયેલી એક મહત્વપૂર્ણ શોધ વિશે માહિતી આપી હતી. આજે આકાશવાણી પર તેમના માસિક રેડિયો કાર્યક્રમ - મન કી બાતમાં રાષ્ટ્રને સંબોધતા, શ્રી મોદીએ કહ્યું કે, ત્યાં છઠ્ઠી-સાતમી સદીના પાંડુવંશી વંશના મહર્ષિ બાલાર્જુન સાથે સંબંધિત ત્રણ દુર્લભ તાંબાની પ્લેટો મળી આવી છે.

## (BYTE- MKB-GAYAN BHARTAM)

પ્રધાનમંત્રીએ નેધરલેન્ડની તેમની તાજેતરની મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો હતો, જ્યાં એક ખાસ સમારંભમાં, ચોલ કાળના પ્રાચીન તામ્રપત્ર ભારતને પરત કરવામાં આવ્યા હતા. શ્રી મોદીએ કહ્યું કે, વિશ્વભરના તમિલ સમુદાય પણ આ અંગે ખાસ ઉત્સાહિત છે.

## (BYTE- MKB-NETHARLANDSH CHOLA TAMRPATTI)

# PM MANN KI BAAT -2

પ્રધાનમંત્રી મોદીએ દેશના લોકોને હાલના ગરમ હવામાન દરમિયાન ખૂબ કાળજી રાખવા અને આ સંદર્ભે વિવિધ સરકારી વિભાગો દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકાનું પાલન કરવા વિનંતી કરી છે.

## (BYTE - MKB-HEAT WAVE)

પ્રધાનમંત્રીએ લોકોને ગરમીથી બચવા માટે દેશના વિવિધ ભાગોમાં પરંપરાગત રીતે બનાવવામાં આવતા વિવિધ ઉનાળાના પીણાં, પીવાનું સૂચન કર્યું.

પ્રધાનમંત્રીએ તાજેતરમાં ઝારખંડના રાંચીમાં યોજાયેલી રાષ્ટ્રીય સિનિયર એથ્લેટિક્સ ફેડરેશન સ્પર્ધા વિશે વાત કરી, જેમાં લગભગ 800 ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમણે ગુરિન્દર વીર સિંહ, વિશાલ ટીકે, તેજસ્વિન શંકર, દેવ મીના અને કુલદીપ કુમારને વિવિધ ઇવેન્ટ્સમાં ચાર રાષ્ટ્રીય રેકોર્ડ તોડવા બદલ અભિનંદન આપ્યા.

## (BYTE – MKB - GURINDER SINH)

# PM MANN KI BAAT -3

પ્રધાનમંત્રી મોદીએ કેરળમના અલુવાના સાજી વલશેરિલના પ્રયાસની પણ પ્રશંસા કરી, જેઓ કોઈ ફી વિના સ્વિમિંગ ક્લબ ચલાવે છે જેમાં 15 હજારથી વધુ લોકો તરવાનું શીખ્યા છે.

પોતાના સંબોધનમાં, પ્રધાનમંત્રી મોદીએ ઉત્તર પ્રદેશના બસ્તીના આકાશ ગુપ્તાની પ્રેરણાદાયી વાતનો ઉલ્લેખ કર્યો, જેમણે પોતાના મિત્રો સાથે મળીને પોતાના ગામની મનોરમા નદીને સાફ કરવા માટે એક નવી શરૂઆત કરી.

શ્રી મોદીએ ગોવાના નિવૃત્ત શિક્ષક બાલકૃષ્ણ ઐયાની સાફલ્ય ગાથા પણ શેર કરી, જેમણે મઠ્ઠી-તોલપ વિસ્તારમાં પાણીની સમસ્યાના ઉકેલ માટે કામ કરવાનું શરૂ કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડોલ્ફિન રેસ્ક્યુ ઓપરેશન માટે તૈયાર કરવામા આવેલી એમ્બ્યુલન્સનો પણ મન કી બાત કાર્યક્રમમાં વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# NEW CHIEF OF NAVAL STAFF

એડમિરલ કૃષ્ણ સ્વામીનાથને આજે નૌકાદળના 27મા વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તેઓ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીના સ્થાન લેશે. કમાન સંભાળ્યા બાદ મીડિયાને સંબોધતા, એડમિરલ સ્વામીનાથને કહ્યું કે, ભારતીય નૌકાદળ રાષ્ટ્રના હિતોનું રક્ષણ કરવા માટે સતર્ક છે અને પ્રાદેશિક સુરક્ષા વાતાવરણમાં સક્રિયપણે તૈનાત છે જે પડકારજનક, જટિલ, અણધારી અને અનિશ્ચિત રહ્યું છે.

ભારતીય નૌકાદળ ક્ષમતા વૃદ્ધિ અને આધુનિકીકરણના માર્ગ પર સારી રીતે સેટ છે તેના પર ભાર મૂકતા, તેમણે ખાતરી આપી કે તેમની પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની રહેશે કે નૌકાદળ જ્યાં પણ જરૂર પડે ત્યાં ભારતની સુરક્ષા અને આર્થિક હિતોનું રક્ષણ કરવા માટે ઉચ્ચતમ સ્તરની ઓપરેશનલ તૈયારી અને લડાઇ અસરકારકતા જાળવી રાખે.

નિવૃત્ત નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ કહ્યું કે ભારતના નૌકાદળના સુકાનીની જવાબદારી તેમના માટે સન્માનની વાત છે. તેમણે નોંધ્યું કે રાષ્ટ્રે જ્યારે પણ તેને બોલાવ્યું છે ત્યારે નૌકાદળે નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. ઓપરેશન સિંદૂર અને ઓપરેશન ઉર્જા સુરક્ષા પર પ્રકાશ પાડતા, એડમિરલ ત્રિપાઠીએ કહ્યું કે પશ્ચિમ એશિયામાં વર્તમાન પરિસ્થિતિ સહિત વિકસતા પ્રાદેશિક સુરક્ષા પડકારો વચ્ચે નૌકાદળની પ્રતિબદ્ધતા અને વ્યાવસાયિકતા સ્પષ્ટ રહે છે.

# CDS RAJA SUBRAMANI

નવનિયુક્ત ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (CDS), લેફ્ટનન્ટ જનરલ એન.એસ. રાજા સુબ્રમણીએ કહ્યું કે નવાચારનો સમાવેશ લશ્કરી ક્ષમતાઓના વિકાસને વેગ આપશે.

તેમણે કહ્યું કે સશસ્ત્ર દળો, ઉદ્યોગ, શિક્ષણ, સ્ટાર્ટઅપ્સ અને સંશોધન ઇકોસિસ્ટમ વચ્ચેનો તાલમેલ આધુનિકીકરણને આગળ ધપાવશે. જનરલ સુબ્રમણીએ કહ્યું કે સશસ્ત્ર દળોએ કામગીરીને તેમના તાર્કિક નિષ્કર્ષ સુધી પહોંચાડવામાં સતત તેમની વ્યાવસાયિક ક્ષમતા અને કાર્યક્ષમતા દર્શાવી છે અને રાષ્ટ્રની સાર્વભૌમત્વ અને અખંડિતતાના રક્ષણ માટે પ્રતિબદ્ધ છે.

નવનિયુક્ત ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ -CDS, લેફ્ટનન્ટ જનરલ એન.એસ. રાજા સુબ્રમણીને આજે નવી દિલ્હીના સાઉથ બ્લોક લૉન ખાતે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

# REV. PM- AHILYABAI HOLKAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકમાતા અહિલ્યાબાઈ હોલકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે રાષ્ટ્ર સુશ્રી હોલકરને તેમની બુદ્ધિ, કરુણા અને લોકકલ્યાણ પ્રત્યેના અતૂટ સમર્પણ માટે યાદ કરે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે અહિલ્યાબાઈનું જીવન સુશાસન, દેશભક્તિ અને સાંસ્કૃતિક ગૌરવનું એક અનુકરણીય ઉદાહરણ છે, જે હંમેશા હિંમત અને ફરજ પ્રત્યે નિષ્ઠા સાથે આગળ વધ્યા. તેમણે કહ્યું કે અહિલ્યાબાઈએ મંદિરો અને તીર્થસ્થાનોના પુનર્નિર્માણમાં અને લોકો માટે ન્યાય અને કલ્યાણ સુનિશ્ચિત કરવામાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ લોકમાતા અહિલ્યાબાઈ હોલકરને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. એક સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની તેમની સેવાની ભાવના અને દેશના સાંસ્કૃતિક ગૌરવ પ્રત્યેનું તેમનું સમર્પણ પ્રેરણાસ્ત્રોત બની રહેશે.

# MP PM CHEETAH PROJECT

મધ્યપ્રદેશમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મહત્વાકાંક્ષી ચિત્તા પ્રોજેક્ટે વધુ એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ હાંસલ કરી છે. ગઈકાલે માદા ચિત્તા, નીરવા અને તેના ત્રણ બચ્ચાને તેમના વાડામાંથી કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં મુક્ત કરવામાં આવ્યા હતા. આનાથી કુનોમાં ચિત્તાઓની સંખ્યા 20 થઈ ગઈ છે. આનાથી પર્યટનને વેગ મળશે અને સ્થાનિક રહેવાસીઓ માટે રોજગારની નવી તકો ઊભી થશે.

રેડિયો ટેલિમેટ્રી સિસ્ટમનો ઉપયોગ કરીને આ ચિત્તાઓનું સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

# REV. SAKET BUILDING COLLAPSE- AIIMS

દક્ષિણ દિલ્હીમાં સાકેત મેટ્રો સ્ટેશન નજીક ગઈકાલે સાંજે ચાર માળની કોમર્શિયલ ઇમારત ધરાશાયી થતાં 3 લોકોના મોત થયા. ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના જણાવ્યા અનુસાર, 11 ઇજાગ્રસ્તોને જય પ્રકાશ નારાયણ એપેક્સ ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. તેમાંથી ત્રણને પહોંચતા જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા, પાંચ વ્યક્તિઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે, જ્યારે ત્રણને સારવાર મળ્યા બાદ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

દરમિયાન, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે દક્ષિણ દિલ્હી ખાતે ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને ચાલી રહેલા રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી.

આ ઘટના પર બોલતા, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું છે કે આવી બધી અનધિકૃત ઇમારતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# US IRAN DEAL

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા ઈરાન સાથે પરમાણુ કરાર પર કરવાની નજીક છે પરંતુ ચેતવણી આપી હતી કે જો વાટાઘાટો નિષ્ફળ જાય તો લશ્કરી કાર્યવાહી એક વિકલ્પ રહેશે. વ્હાઇટ હાઉસ ખાતે મીડીયા સાથેની મુલાકાતમાં, ટ્રમ્પે કહ્યું કે ઈરાન ક્યારેય પરમાણુ શસ્ત્ર ન મેળવે તે તેમની પ્રાથમિકતા છે.

ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાન પરમાણુ શસ્ત્ર ન બનાવવા માટે સંમત થયું છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે વાટાઘાટોને મુશ્કેલ ગણાવી પરંતુ કહ્યું કે પ્રગતિ થઈ રહી છે. તેમણે સમજાવ્યું કે તેઓ શાંતિપૂર્ણ કરાર પર પહોંચવાનું પસંદ કરે છે, પરંતુ તેમણે ચેતવણી આપી હતી કે જો તેની માંગણીઓ પૂર્ણ નહીં થાય તો અમેરિકા હજુ પણ પગલાં લેશે.

# IPL CRICKET

IPL ક્રિકેટની ફાઇનલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વર્તમાન ચેમ્પિયન રોયલ ચેલેન્જર બેંગલુરુનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

ગુજરાત ટાઇટન્સ અને રોયલ ચેલેન્જર બેંગલુરુ વચ્ચે રમાનારી આ મેચમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાંજે શરૂ થનારી આ મેચ માટે અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દેશભરમાંથી ક્રિકેટ ફેન્સ અમદાવાદ ઉમટી રહ્યાં છે. ત્યારે ત્રણ હજારથી વધુ પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીએ સલામતીની વ્યવસ્થામાં ખડે પગે રહશે.

ક્રિકેટ ફેન્સને અવરજવરમાં કોઇ તકલીફ ન પડે આ માટે AMTS, BRTS અને મેટ્રોની વિશેષ સેવા શરૂ કરવામાં આવી છે.